Friday
26.05.2023
*Volume :7 * Issue No.297
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

**પ્રધાનમંત્રીએ દેહરાદૂનથી દિલ્હી સુધી વંદે ભારત એક્સપ્રેસની પહેલી યાત્રાને લીલી ઝંડી આપી**

**"જ્યારે અર્થતંત્રને મજબૂત કરવાની અને ગરીબી સામે લડવાની વાત આવે છે, ત્યારે ભારત દુનિયા માટે આશાનું કિરણ બની ગયું છે"**

# યોગ્ય ઇરાદો, નીતિ અને સમર્પણ વિકાસને આગળ ધપાવે છે:પ્રધાનમંત્રી

## ડબલ એન્જિન સરકાર ડબલ પાવર અને ડબલ સ્પીડ સાથે કામ કરી રહી છે:પ્રધાનમંત્રી શ્રી

### ૨૧મી સદીનું ભારત માળખાગત સુવિધાઓની સંભવિતતાને મહત્તમ બનાવીને વિકાસની વધુ ઊંચાઈઓ સર કરી શકે છે





કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે દહેરાદૂનથી દિલ્હી સુધીની વંદે ભારત એક્સપ્રેસની પ્રથમ યાત્રાને લીલી ઝંડી આપી હતી. તેમણે નવા વિદ્યુતીકૃત રેલવે સેક્શનો પણ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા અને ઉત્તરાખંડને ૧૦૦ ટકા વિદ્યુત ટ્રેક્શન રાજ્ય જાહેર કર્યું હતું. જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દહેરાદૂન અને દિલ્હી વચ્ચે આયોજિત 'વંદે ભારત એક્સપ્રેસ'નાં ઉદ્ઘાટન માટે ઉત્તરાખંડનાં તમામ લોકોને અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, આ ટ્રેન દેશની રાજધાનીને ઉત્તરાખંડની દેવભૂમિ સાથે જોડશે. તેમણે માહિતી આપી હતી કે બંને શહેરો વચ્ચે મુસાફરીનો સમય વધુ ઘટશેઅને ઓનબોર્ડ સુવિધાઓ મુસાફરીનો સુખદ અનુભવ કરશે. જાપાન, પાપુઆ ન્યુ ગિની અને ઑસ્ટ્રેલિયાની ત્રણ દેશોની યાત્રા પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિશ્વ ભારતને ઊંચી આશાઓ સાથે જોઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારે અર્થતંત્રને મજબૂત કરવાની અને ગરીબી સામે લડવાની વાત આવે છે, ત્યારે ભારત વિશ્વ માટે આશાનું કિરણ બની ગયું છે."તેમણે કોરોનાવાયરસ મહામારીને પહોંચી

## દેશ હવે અટકવાનો નથી, દેશે હવે તેની ગતિ પકડી લીધી છે. વંદે ભારતની ગતિએ

વળવા માટે ભારત અને દેશમાં હાથ ધરવામાં આવેલાં વિશ્વનાં સૌથી મોટા રસીકરણ અભિયાન પર પણ વાત કરી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે દુનિયાભરનાં લોકો ભારત આવવા ઈચ્છે છે ત્યારે ઉત્તરાખંડ જેવાં સુંદર રાજ્યોએ આજની સ્થિતિનો મહત્તમ લાભ લેવો જોઈએ. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,

### નવા વિદ્યુતીકૃત રેલવે સેક્શન્સ દેશને સમર્પિત કર્યા અને ઉત્તરાખંડને ૧૦૦% વિદ્યુત ટ્રેક્શન રાજ્ય જાહેર કર્યું

વંદે ભારત ટ્રેન ઉત્તરાખંડને પણ આ તકનો સંપૂર્ણ લાભ લેવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કેદારનાથની પોતાની મુલાકાતને યાદ કરી હતી અને 'આ દાયકો ઉત્તરાખંડનો દાયકો બનવા જઈ રહ્યો છે' એ વિધાનને યાદ કર્યું હતું. તેમણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને મજબૂત રાખવાની સાથે રાજ્યના વિકાસને વેગની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે, 'દેવભૂમિ વિશ્વની આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર બનશે.' તેમણે કહ્યું કે આપણે આ ક્ષમતાને સાકાર કરવા માટે કામ કરવું પડશે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ચાર ધામ યાત્રા માટે યાત્રાળુઓની સંખ્યા જૂના વિક્રમો તોડતી રહે છે. તેમણે બાબા કેદાર, હરિદ્વારમાં કુંભ/અર્ધકુંભ અને કંવર યાત્રાનાં દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે ઘણાં રાજ્યોમાં આટલી સંખ્યામાં ભક્તોનું આગમન થતું નથી અને તે એક ભેટ તેમજ એક મહાન કાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, "ડબલ એન્જિન સરકાર આ 'ભગીરથ' કાર્યને સરળ બનાવવા ડબલ પાવર અને ડબલ સ્પીડ સાથે કામ કરી રહી છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સરકારે વિકાસનાં ૯ રત્નો 'નવરત્ન' પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું હતું કે, પ્રથમ રત્ન કેદારનાથ-બદ્રીનાથ ધામમાં ૧૩૦૦ કરોડ રૂપિયાના કાયાકલ્પનું કામ છે.બીજું, ગૌરીકુંડ-કેદારનાથ અને ગોવિંદ ઘાટ-હેમકુંટ સાહિબમાં ૨૫૦૦ કરોડ રૂપિયાનો રોપ-વે પ્રોજેક્ટ. ત્રીજું, માનસ ખંડ મંદિર માલા કાર્યક્રમ હેઠળ કુમાઉનાં પ્રાચીન મંદિરોનું નવીનીકરણ. ચોથું, સમગ્ર રાજ્યમાં હોમસ્ટેનું પ્રમોશન, જ્યાં રાજ્યમાં

- **ઉત્તરાખંડમાં રજૂ થયેલી આ પહેલી વંદે ભારત છે. વૈશ્વિક કક્ષાની સુવિધાઓ સાથે, તે આરામદાયક મુસાફરીના અનુભવોના નવા યુગની શરૂઆત કરશે, ખાસ કરીને રાજ્યમાં મુસાફરી કરતા પ્રવાસીઓ માટે. આ ટ્રેન સ્વદેશી છે અને કવચ ટેક્નોલોજી સહિતની અદ્યતન સલામતી સુવિધાઓથી સજ્જ છે. નવી વંદે ભારત એક્સપ્રેસ દહેરાદૂનથી દિલ્હી વચ્ચેનું અંતર ૪.૫ કલાકમાં કાપશે.**
- **જાહેર પરિવહનનાં સ્વચ્છ માધ્યમો પ્રદાન કરવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનથી પ્રેરિત થઈને ભારતીય રેલવે દેશમાં રેલવે માર્ગોનું સંપૂર્ણપણે વિદ્યુતીકરણ કરવા આતુર છે. આ દિશામાં આગળ વધતાં પ્રધાનમંત્રીએ ઉત્તરાખંડમાં નવા વિદ્યુતીકૃત રેલવે લાઈન વિભાગોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે, રાજ્ય પાસે તેના સંપૂર્ણ રેલ માર્ગને ૧૦૦% વીજળીકરણ થયું છે. ઈલેક્ટ્રિફાઈડ વિભાગો પર ઈલેક્ટ્રિક ટ્રેક્શન દ્વારા ચલાવવામાં આવતી ટ્રેનોનાં પરિણામે ટ્રેનોની ગતિમાં વધારો થશે અને હોલેજ ક્ષમતામાં વધારો થશે.**
- **આ દાયકો ઉત્તરાખંડનો દાયકો બનવા જઈ રહ્યો છે.**
- **દેવભૂમિ વિશ્વની આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર બનશે.**

૪૦૦૦થી વધુ હોમસ્ટેની નોંધણી થઈ છે. પાંચમું, ૧૬ ઈકોટુરિઝમ સ્થળોનો વિકાસ. છઠ્ઠું, ઉત્તરાખંડમાં આરોગ્ય સેવાઓનું વિસ્તરણ. ઉધમસિંહ નગરમાં એઈમ્સનું સેટેલાઈટ સેન્ટર બની રહ્યું છે. સાતમું, ૨૦૦૦ કરોડ રૂપિયાનો ટિહરી લેક ડેવલપમેન્ટ પ્રોજેક્ટ. આઠમું, હરિદ્વાર ઋષિકેશનો યોગ અને સાહસિક પર્યટનની રાજધાની તરીકે વિકાસ અને છેલ્લે, તનાકપુર બાગેશ્વર રેલ લાઈન. તેમણે કહ્યું કે આ નવરત્નોને રાજ્યમાં માળખાગત વિકાસના નવા વેગ સાથે એકીકૃત કરવામાં આવી રહ્યા છે. ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની ચાર ધામ મહાપરિયોજના પર ઝડપથી કામ ચાલી રહ્યું છે, એમ તેમણે માહિતી આપી હતી. દિલ્હી દહેરાદૂન એક્સપ્રેસ વે મુસાફરીને ઝડપી અને સરળ બનાવશે. તેમણે ઉત્તરાખંડમાં રોપ-વે કનેક્ટિવિટી વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "પર્વત માલા પ્રોજેક્ટ આગામી દિવસોમાં રાજ્યનું ભાગ્ય બદલવા જઈ રહ્યો છે." તેમણે કહ્યું હતું કે, રૂ. ૧૬,૦૦૦ કરોડનો ઋષિકેશ-કરણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ૨-૩ વર્ષમાં પૂર્ણ થશે. આ પ્રોજેક્ટ ઉત્તરાખંડના મોટા ભાગને સુલભ બનાવશે અને રોકાણ, ઉદ્યોગ અને રોજગારીને વેગ આપશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, કેન્દ્ર સરકારની મદદથી ઉત્તરાખંડ પ્રવાસન, એડવેન્ચર ટૂરિઝમ, ફિલ્મ શૂટિંગ ડેસ્ટિનેશન અને વેડિંગ ડેસ્ટિનેશનનાં કેન્દ્ર સ્વરૂપે બહાર આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનાં પ્રવાસન સ્થળો દુનિયાભરમાંથી મુલાકાતીઓને આકર્ષી રહ્યાં છે અને વંદે ભારત એક્સપ્રેસ તેમનાં માટે અતિ લાભદાયક પુરવાર થશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, જે લોકો તેમનાં પરિવારજનો સાથે હોય છે, તેમનાં માટે ટ્રેનમાં મુસાફરી કરવી એ પ્રથમ પસંદગી છે અને વંદે ભારત ધીમે ધીમે પરિવહનનો માર્ગ બની રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "૨૧મી સદીનું ભારત માળખાગત સુવિધાઓની સંભવિતતાને મહત્તમ કરીને વિકાસની વધુ ઊંચાઈઓ સર કરી શકે છે." તેમણે ધ્યાન દોર્યું હતું કે, ભૂતકાળની સરકારો માળખાગત સુવિધાઓનું મહત્ત્વ સમજી શકી ન હતી, જ્યારે તે ભ્રષ્ટાચાર અને વંશવાદી રાજકારણમાં વ્યસ્ત હતી. અગાઉની સરકારો દ્વારા ભારતમાં હાઈ-સ્પીડ ટ્રેનો અંગે મોટા પાયે વચનો આપવામાં આવ્યા હોવા છતાં, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે તે

### ઉત્તરાખંડ માટે વિકાસનાં નવરત્નો પર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે

રેલવે નેટવર્કમાંથી માનવરહિત ફાટકોથી છુટકારો મેળવવામાં પણ નિષ્ફળ ગયા હતા, જ્યારે રેલવે લાઈનોનાં વીજળીકરણની સ્થિતિ વધુ ખરાબ હતી. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ સુધીમાં દેશનાં ફક્ત એક તૃતિયાંશ રેલવે નેટવર્કનું વિદ્યુતીકરણ થયું, જેનાં કારણે ઝડપથી દોડતી ટ્રેન વિશે વિચારવું અશક્ય બની ગયું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "રેલવેની કાયાપલટ કરવા માટે વર્ષ ૨૦૧૪ પછી સંપૂર્ણ કામગીરી શરૂ થઈ હતી." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સેમી હાઈસ્પીડ ટ્રેનો માટે આખું નેટવર્ક તૈયાર કરવાની સાથે-સાથે દેશની પ્રથમ હાઈસ્પીડ ટ્રેનનું સ્વપ્ન સાકાર કરવાનું કામ પૂરજોશમાં શરૂ થયું હતું. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ અગાઉ દર વર્ષે સરેરાશ ૬૦૦ કિલોમીટરની

### પર્વતમાલા પ્રોજેક્ટ આગામી દિવસોમાં રાજ્યનું ભાગ્ય બદલવા જઈ રહ્યો છે

રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન થયું હતું, ત્યારે આજે દર વર્ષે ૬,૦૦૦ કિલોમીટરની રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન થાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આજે દેશનાં ૯૦ ટકાથી વધારે રેલવે નેટવર્કનું વિદ્યુતીકરણ થઈ ગયું છે. ઉત્તરાખંડમાં સંપૂર્ણ રેલવે નેટવર્કનું ૧૦૦ ટકા વિદ્યુતીકરણ થઈ ગયું છે," એમ પ્રધાનમંત્રીએ માહિતી આપી.

પ્રધાનમંત્રીએ વિકાસલક્ષી કાર્યોનો શ્રેય યોગ્ય ઈરાદા, નીતિ અને સમર્પણને આપ્યો હતો. વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં રેલવે બજેટમાં થયેલા વધારાનો સીધો લાભ ઉત્તરાખંડને થયો છે એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ અગાઉ રાજ્ય માટેનું સરેરાશ બજેટ રૂ. ૨૦૦ કરોડથી ઓછું હતું, ત્યારે અત્યારે રેલવે બજેટ રૂ. ૫,૦૦૦ કરોડ હતું, જે ૨૫ ગણું વધારે છે. પ્રધાનમંત્રીએ પર્વતીય રાજ્યમાં કનેક્ટિવિટીનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જ્યાં ગામડાંનાં લોકો કનેક્ટિવિટીનાં અભાવેસ્થળાંતર કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર આગામી પેઢીઓ માટે આ પીડાને અટકાવવા ઈચ્છે છે. તેમણે એમ પણ નોંધ્યું હતું કે, આપણી સરહદો સુધી સરળતાથી પહોંચવામાં આધુનિક કનેક્ટિવિટીનો પણ ઘણો ઉપયોગ થશે અને દેશનું રક્ષણ કરતા

### દિલ્હી-દહેરાદૂન વંદે ભારત એક્સપ્રેસ 'ઈઝ ઓફ ટ્રાવેલ-મુસાફરીની સરળતા' સુનિશ્ચિત કરશે અને સાથે-સાથે નાગરિકોને વધુ સુવિધા પણ આપશે

સૈનિકોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થવી જોઈએ. સંબોધનનાં સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ડબલ એન્જિન ધરાવતી સરકાર ઉત્તરાખંડનાં વિકાસ માટે કટિબદ્ધ છે, જ્યાં ઉત્તરાખંડનો ઝડપી વિકાસ ભારતના ઝડપી વિકાસમાં પણ મદદરૂપ થશે. દેશ હવે અટકવાનો નથી, દેશે હવે તેની ગતિ પકડી લીધી છે. આખો દેશ વંદે ભારતની ગતિએ આગળ વધી રહ્યો છે અને આગળ વધતો રહેશે," એમ પ્રધાનમંત્રીએ સમાપન કર્યું.

## કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ પ્રાયોજિત સાંસદ ખેલ સ્પર્ધા ૨૦૨૩નું સમાપન

**નડિયાદ સ્થિત ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્રોનું વિતરણ કરાયું**



**કેન્દ્રીય મંત્રીદેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યો, સહિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા**






કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે, સાંસદ ખેલ સ્પર્ધાએ રમતવીરોને જિલ્લા-રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પોતાનું ખેલકૂદ કૌશલ્ય બતાવવાની તક આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખેડા જિલ્લામાં સાંસદ ખેલ સ્પર્ધા - ૨૦૨૩ના સમાપન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લાના નડિયાદ સ્પોર્ટ્સ સંકુલ ખાતે સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત જુદી જુદી સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચેલા ખેલાડીઓનું અભિવાદન કર્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, રાજ્ય સરકારની પ્રોત્સાહક સહાય વિવિધ રમતોના ખેલાડીઓને મળી રહે તેવા પ્રયત્નો હંમેશા કરવામાં આવ્યા છે. ખેડા જિલ્લો રમતગમત ક્ષેત્રે આગળ વધે તે માટે પણ સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ભવિષ્ય એવા યુવાનોને રમતગમત ક્ષેત્રે આગળ લાવવા માટે ખેલ મહાકુંભની શરૂઆત કરી હતી.

આ ખેલ મહાકુંભ દ્વારા ગુજરાતના છેવાડાનો યુવાન પણ આજે રમત ગમત ક્ષેત્રે વિશ્વમાં ગુજરાતનું અને દેશનું નામ રોશન કરી રહ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી દ્વારા નડિયાદના સ્પોર્ટ્સ સંકુલ ખાતે સૌ પ્રથમ વોલિબોલ મેચ માટેનો ટોસ ઉછાળી અને મહિલાઓની રસ્સાખેંચ ટીમને ફ્લેગ ઓફ કરાવીને ખેલની શરૂઆત કરાવી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીએ કરાટે અને સ્કેટિંગના કુલ ૧૨ રમતવીરોને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. વોલીબોલ કોર્ટમાં બોલની પ્રથમ સર્વિસ કરી વોલીબોલ ગેમની શરૂઆત કરાવી ખેલાડીઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલી જિલ્લાની ટીમોનું અભિવાદન કરી મુખ્યમંત્રીશ્રીએ ખેલાડીઓના મનોબળમાં વૃદ્ધિ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં તા. ૧ મે ૨૦૨૩ના રોજ શરૂ થયેલ સાંસદ ખેલ સ્પર્ધામાં કબડ્ડી, વોલીબોલ, રસ્સાખેંચ, ખોખો જેવી રમતોમાં ૧૦ હજાર રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી વિવિધ રમતોમાં ૧૫૦ જેટલા યુવાનો ફાઈનલ સુધી પહોંચ્યા હતા.

આ કાર્યક્રમમાં ખેડા જિલ્લાના સાંસદશ્રી અને કેન્દ્રીયમંત્રી શ્રી દેવુંસિંહ ચૌહાણ, ખેડા જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, ખેડા જિલ્લા કલેક્ટરશ્રી, પંચાયતના પ્રમુખશ્રી તેમજ અન્ય મહાનુભાવો ઉપરાંત ખેડા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રધાનમંત્રીએ આસામ રોજગારમેળામાં વીડિયો સંદેશ દ્વારા સંબોધન આપ્યું**

**“આજે યોજાયેલો આ રોજગારમેળો આસામના યુવાનોની ભવિષ્ય પ્રત્યેની ગંભીરતાનું પ્રતિબિંબ છે”**

# સરકારી વ્યવસ્થાઓએ વર્તમાન સમય અનુસાર પોતાનામાં પરિવર્તન લાવવું આવશ્યક છે” :પ્રધાનમંત્રી શ્રી

- “દરેક નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સાથે દરેક ક્ષેત્રમાં રોજગાર અને સ્વ-રોજગારની તકોને પ્રોત્સાહન મળી રહ્યું છે”
- “આજે, યુવાનો ઘણાં એવાં ક્ષેત્રો તરફ આગળ વધી રહ્યા છે જેની દસ વર્ષ પહેલાં કોઇએ કલ્પના પણ ન હતી કરી”

## “આપણે સૌએ આઝાદીના અમૃતકાળમાં આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે”



**“અમે નવા ભારતના નિર્માણની દિશામાં ઝડપી ગતિએ પગલાં લઇ રહ્યા છીએ”**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે આસામ રોજગાર મેળામાં વીડિયો સંદેશના માધ્યમથી સંબોધન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ આસામ સરકારમાં સરકારી નોકરીઓ માટે નવા ભરતી કરવામાં આવેલા યુવાનો અને તેમના પરિવારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગયા મહિને બિહુના અવસર નિમિત્તે રાજ્યની મુલાકાત લીધી તેની યાદો તાજી કરી હતી અને જણાવ્યું હતું કે, આસામી સંસ્કૃતિના મહિમાનું પ્રતિક એવા ભવ્ય કાર્યક્રમની યાદ હજી પણ તેમના મગજમાં તાજી છે. તેમણે નોંધ્યું હતું કે, આજે યોજવામાં આવેલો રોજગારમેળો આસામના યુવાનોના ભવિષ્ય પ્રત્યેની ગંભીરતાનું પ્રતિબિંબ પૂરું પાડે છે. આ અગાઉ પણ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આસામમાં રોજગારમેળા દ્વારા ૪૦ હજાર કરતાં વધુ યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી છે. તેમણે માહિતી આપી હતી કે, આજે લગભગ ૪૫ હજાર યુવાનોને નિયુક્તિ પત્રો આપવામાં આવ્યા છે અને તેમણે યુવાનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને શુભેચ્છા પણ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, “આસામ શાંતિ અને વિકાસના નવા યુગનું સાક્ષી બની રહ્યું છે અને વિકાસની આ ગતિએ આસામમાં સકારાત્મકતા તેમજ પ્રેરણાની લહેર ફેલાવી છે”. સરકારી ભરતીની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે આસામ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રક્રિયાઓ પર ચિંતન કરતા પ્રધાનમંત્રીએ વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે રચવામાં આવેલ 'આસામ ડાયરેક્ટ રિક્રુટમેન્ટ કમિશન' (આસામ સીધી ભરતી પંચ) વિશે વાત કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, અગાઉ અમલમાં હતી તે પ્રક્રિયાને કારણે ઘણી ભરતીઓ સમયસર પૂર્ણ થઇ શકતી નહોતી, જેમાં દરેક વિભાગના અલગ અલગ નિયમો હતા અને ઉમેદવારોએ વિવિધ વિભાગો માટે અલગ અલગ પરીક્ષાઓ આપવી પડતી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ બધી પ્રક્રિયાઓ હવે ખૂબ જ સરળ કરી દેવામાં આવી છે અને આ સિદ્ધિ બદલ તેમણે આસામ સરકારને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ અમૃતકાળના આગામી ૨૫ વર્ષ સેવાકાળ જેટલા જ મહત્વપૂર્ણ છે તે બાબત પર વિશેષ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, “આપણે બધાએ આઝાદીના અમૃતકાળમાં આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે”. નવા નિયુક્ત થયેલા ઉમેદવારોના વર્તન, વિચારસરણી, કાર્ય પ્રત્યેના અભિગમ અને જનતા પરની અસરના મહત્વને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવા નિયુક્ત થયેલા ઉમેદવારો દરેક સામાન્ય નાગરિક માટે આસામ સરકારનો ચહેરો હશે. તેમણે ઉલ્લેખ કર્યો કે સમાજ મહત્વાકાંક્ષી બની રહ્યોછે અને કોઈ પણ નાગરિક વિકાસ માટે હવે પ્રતીક્ષા કરવા જોવા માંગતો નથી. શ્રી મોદીએ કહ્યું હતું કે, “ટ્વેન્ટી-૨૦ ક્રિકેટના આ યુગમાં, દેશના લોકોને ઝડપથી પરિણામો મળે તેવી ઈચ્છા હોય છે” અને તેમણે સરકારી વ્યવસ્થાતંત્રમાં તે મુજબ પરિવર્તન લાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે દેશના નાગરિકોની આકાંક્ષાઓને પૂરી કરવામાં સરકારી કર્મચારીઓની જવાબદારીઓને રેખાંકિત કરી હતી. પ્રધાનમંત્રીએ નવા નિયુક્ત થયેલા ઉમેદવારોને જે સમર્પણ સાથે તેઓ અહીં સુધી આવી શક્યતા છે તેવા જ સમર્પણ સાથે કામ કરવાનો અનુરોધ કર્યો હતો અને ભાર મૂક્યો હતો કે તેઓ નવી વસ્તુઓ શીખવા માટે હંમેશા તૈયાર રહીને સમાજ અને વ્યવસ્થામાં સુધારો લાવવામાં યોગદાન આપી શકે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતમાં માળખાકીય સુવિધાઓને ખૂબ જ ઝડપી ગતિએ આધુનિક બનાવવા માટે લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે અને નવા ધોરીમાર્ગો તેમજ એકસપ્રેસ વે, રેલ્વે લાઈનો, બંદરો, હવાઈમથકો અને જળમાર્ગો વગેરે પ્રોજેક્ટ્સના ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, દરેક નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની સાથે દરેક ક્ષોત્રમાં રોજગાર અને સ્વ-રોજગારની તકોને પ્રોત્સાહન મળી રહ્યું છે. તેમણે હવાઈમથકના વિકાસ માટે એન્જિનિયરો, ટેકનિશિયન, એકાઉન્ટન્ટ, શ્રમિકો અને વિવિધ પ્રકારના સાધનો, સ્ટીલ તેમજ સિમેન્ટની જરૂરિયાતનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, રેલ્વે લાઈનોનું વિસ્તરણ કરવામાં અને તેમના વિદ્યુતીકરણ દ્વારા પણ રોજગારીની તકોનું સર્જન થઈ રહ્યું છે. તેમણે ઈઝ ઓફ લિવિંગ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે ૨૦૧૪થી અત્યાર સુધીમાં સરકારે શૌચાલય, ગેસ કનેક્શન, નળના પાણીનો પુરવઠો અને વીજળી જેવી અનેક સુવિધાઓની સાથે સાથે લગભગ ૪ કરોડ પાકાં મકાનો બાંધ્યા છે અને ગરીબોને સોંપવામાં આવ્યા છે. આ મકાનો બાંધવા અને આ સુવિધાઓની વ્યવસ્થા કરવામાં જેમણે મહેનત કરી હતી તેવા વિનિર્માણ ક્ષેત્રના કામદારો, લોજિસ્ટિક્સ, કૌશલ્યવાન કામદારો અને શ્રમિકોના યોગદાનની તેમણે પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ રોજગાર નિર્માણમાં આયુષ્માન ભારત યોજના દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો અને ઉલ્લેખ કર્યો હતો કે દેશમાં સંખ્યાબંધ નવી હોસ્પિટલો અને ક્લિનિકની સ્થાપના કરવામાં આવી છે. શ્રી મોદીએ થોડા અઠવાડિયા પહેલાં એઈમ્સ-ગુવાહાટી અને ૩ મેડિકલ કોલેજોનું લોકાર્પણ કરવાનું સદભાગ્ય મળ્યું તે પ્રસંગ પણ યાદ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં આસામમાં ડેન્ટલ કોલેજોનું પણ વિસ્તરણ થયું છે. પ્રધાનમંત્રીએ આગળ કહ્યું હતું કે, આના કારણે તબીબી વ્યવસાય સાથે જોડાયેલા યુવાનો માટે રોજગારીની તકો ઉભી થઈ છે. પ્રધાનમંત્રીએ દેશમાં લાખોની સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરી રહી છે તેવી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનો પણ ઉલ્લેખ કર્યો હતો કે અને કહ્યું હતું કે “આજે, યુવાનો એવા ઘણાં ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે જેની કોઈએ દસ વર્ષ પહેલાં કલ્પના પણ ન હતી કરી”. તેમણે કૃષિ, સામાજિક કાર્યક્રમો, સર્વેક્ષણ અને સંરક્ષણ ક્ષેત્રોમાં ડ્રોનની વધતી માંગનો પણ ઉલ્લેખ કર્યો અને જણાવ્યું હતું કે તેનાથી યુવાનો માટે નવી તકો ઊભી થઈ છે. પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારત અભિયાનનો મુદ્દો પણ સ્પર્શ્યો હતો જેના થકી ભારતમાં કરોડો મોબાઈલ ફોનનું ઉત્પાદન થાય છે અને તે ભારતના વિકાસમાં યોગદાન આપી રહ્યું છે. પ્રધાનમંત્રીએ દરેક ગામડા સુધી પહોંચી રહેલી બ્રોડબેન્ડ કનેક્ટિવિટીના વિસ્તરણનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આ કનેક્ટિવિટીના કારણે મોટા પાયે રોજગાર અને સ્વ-રોજગારને પ્રોત્સાહન મળ્યું છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતુંકે, માત્ર એક યોજના અથવા એક નિર્ણય પણ લોકોના જીવન પર અસર કરી શકે છે.

પ્રધાનમંત્રીએ વર્તમાન સરકાર દ્વારા અપનાવવામાં આવેલી નીતિઓને શ્રેય આપતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, પૂર્વોત્તરના યુવાનો મોટી સંખ્યામાં વિકાસની મુખ્ય ધારામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ પોતાની વાતનું સમાપન કરતા જણાવ્યું હતું કે, “સરકાર રોજગાર અને સ્વરોજગારની નવી તકો આપીને યુવાનોના સપનાંઓને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે નવા ભારતના નિર્માણની દિશામાં પણ ઝડપી ગતિએ પગલાં લઈ રહ્યા છીએ”.

# સમગ્ર દુનિયામાં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે પોતાના TBના ભારણનું અનુમાન લગાવવા માટે પોતાનું જવ્યવસ્થાતંત્ર તૈયાર કર્યું છે: ડૉ મનસુખ માંડવિયા

## ભારત, વૈશ્વિક દીર્ઘકાલીન વિકાસના લક્ષ્યથી પાંચ વર્ષ પહેલાં એટલે કે, ૨૦૨૫ સુધીમાં દેશમાંથી TB નાબૂદ કરવા માટે પ્રયત્નશીલ છેઃ ડો માંડવિયા



**નિ-ક્ષય પોષણ યોજના ્મ્ની સારવાર લઇ રહેલા ૭૫ લાખ કરતાં વધુ દર્દીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા માસિક પોષણ સહાય પૂરી પાડે છે**

**TB મુક્ત ભારત અભિયાન (PMTBMBA)નો ઉદ્દેશ્ય TBના દર્દીઓને તેમની સારવારની સફર દરમિયાન સહકાર કરવાનો છે**



**કોવિડ-૧૯ સામે અસરકારક રસી તૈયાર કરવા માટે દુનિયાએ સાથે મળીને કામ કરવાની જરૂર છેઃ ડો. માંડવિયા**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જિનીવા ખાતે યોજવામાં આવેલી ૭૬મી વિશ્વ આરોગ્ય સભા દરમિયાન સમાંતર રીતે યોજાયેલી ક્વાડ પ્લસ સાઈડ ઈવેન્ટમાં ટ્યુબરક્યુલોસિસ (TB) પર મુખ્ય સંબોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ક્વાડ પ્લસ દેશોના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓની સહભાગિતા જોવા મળી હતી, જે મ્ના કારણે ઉભા થયેલા વૈશ્વિક સ્વાસ્થ્ય પડકારનો સામનો કરવાની પ્રતિબદ્ધતાનેવધુ મજબૂતબનાવે છે. મ્ની બીમારી માટે ભારતના સક્રિય પ્રતિસાદ પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, “આ વર્ષે, અમે ભારતમાં એક વિશ્વ TB સંમેલનમાં વિશ્વ TB દિવસની ઉજવણી કરી હતી, જેમાં અમારા આદરણીય પ્રધાનમંત્રીને જેમાં ઊંડો વિશ્વાસ છે તેવા એક વિશ્વ, એક આરોગ્યના સિદ્ધાંત પર પ્રાથમિકરૂપે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.” તેમણે સૌને એવી પણ માહિતી આપી હતી કે, સમગ્ર દુનિયામાં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે પોતાના TBના ભારણનું અનુમાન લગાવવા માટે પોતાનું વ્યવસ્થાતંત્ર તૈયાર કર્યું છે. ભારત, સ્થાનિક પુરાવાના આધારે ગાણિતિક મોડલનો ઉપયોગ કરીને હવે વિશ્વ આરોગ્ય સંસ્થાના વાર્ષિક અહેવાલથી આગળ આ બીમારીનું સાચું ભારણ નક્કી કરી શકે છે. ડૉ. માંડવિયાએ પોતાના સંબોધન દરમિયાન ક્ષય (ટ્યુબરક્યુલોસિસ) રોગ પર આગામી સમયમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચ સ્તરીય બેઠક (UNHLM)ના મહત્વ પર ભાર મૂક્યો હતો. ક્ષય રોગના અંતની દિશામાં સામૂહિક પ્રગતિનું મૂલ્યાંકન કરવાની તક તરીકે સપ્ટેમ્બર મહિનામાં આ બેઠક યોજવાની છે. તેમણે વૈશ્વિક દીર્ઘકાલીન વિકાસના લક્ષ્ય કરતાં પાંચ વર્ષ અગાઉ, એટલે કે ૨૦૨૫ સુધીમાં દેશમાંથી TBનો રોગ નાબૂદ કરવાના પ્રયાસમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે દર્શાવેલા સમર્પણની પ્રશંસા કરી હતી. TBને નિયંત્રણમાં લાવવા માટે ભારતે હાથ ધરેલા નિરંતર પ્રયાસોના કારણે નોંધપાત્ર પરિણામો મળ્યા છે. ડૉ. માંડવિયાએ જાહેરાત કરી હતી કે, દેશમાં ૨૦૧૫ થી ૨૦૨૨ સુધીમાં મ્ના કેસોમાં ૧૩%નો ઘટાડો જોવા મળ્યો છે, જે વૈશ્વિક ઘટાડાના દર ૧૦%ને ઓળંગી ગયો છે. આ ઉપરાંત, ભારતમાં ક્ષય રોગના મૃત્યુદરમાં સમાન સમયગાળા દરમિયાન ૫.૯%ના વૈશ્વિક ઘટાડા દરની સરખામણીએ ૧૫%નો ઘટાડો થયો છે. પ્રારંભિક તબક્કે નિદાન, સારવાર અને નિવારક પગલાંના મહત્વને ઓળખતા, ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, “અત્યાર સુધીમાં ન ઓળખવામાં આવ્યા હોય તેવા કેસોને ઓળખવા અને 'વંચિતો' સુધી પહોંચવા માટે, ભારતે અમારા દૂરંદેશી પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ છેવાડે રહેલા દર્દીઓને પણ નિદાન અને સારવાર આપવાનું કામ હાથ ધર્યું છે. દરેક દર્દીને સાર્વત્રિક આરોગ્ય કવરેજ મળે તેવું સુનિશ્ચિત કરવા માટે, અમે ૧.૫ લાખ કરતાં વધુ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સ્થાપના કરી છે, જે તમામ દર્દીઓને અન્ય પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓની સાથે સાથે મ્ના નિદાન અને સંભાળની સેવાઓ પણ પૂરી પાડે છે. અમારા દેશના દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકો માટે આ સુવિધા વિશેષરૂપે ફાયદાકારક છે અને તેના લીધે દૂરસ્થ વિસ્તારોમાં પણ સાર્વત્રિક આરોગ્ય કવરેજ સુનિશ્ચિત થાય છે.” ડૉ. માંડવિયાએ ખાનગી ક્ષેત્ર સાથે ભારતના સફળ સહયોગ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેના કારણે મ્ના દર્દીઓ તેમના પસંદગીના કેન્દ્રો, ક્લિનિક્સ અને ડૉક્ટરો દ્વારા ગુણવત્તાયુક્ત સંભાળ લઈ શકે છે. તેના પરિણામ સ્વરૂપે, છેલ્લા નવ વર્ષમાં ખાનગી ક્ષેત્રના નોટિફિકેશન માં સાત ગણાથી વધારે વૃદ્ધિ થઈ છે. TB સાથે સંકળાયેલી કલંકની ભાવનાના મુદ્દાને સ્પર્શ કરતા, ડૉ. માંડવિયાએ ભારતના અગ્રેસર સામુદાયિક જોડાણ વ્યવસ્થાતંત્ર, પ્રધાનમંત્રી TB મુક્ત ભારત અભિયાન (PMTBMBA) પર પ્રકાશ પાડ્યો હતો. આદરણીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય મ્ના દર્દીઓને તેમની સારવારની સમગ્ર સફર દરમિયાન સહકાર કરવાનો છે. આ કાર્યક્રમમાં નિ-ક્ષય મિત્રો અથવા દાતાઓનો સમાવેશ થાય છે અને લગભગ ૭૮ હજાર નિ-ક્ષય મિત્રોએ આશરે ૧૦ લાખ દર્દીઓને મદદ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે તેમજ દર વર્ષે અંદાજે $146 મિલિયન એકત્ર કર્યા છે જેથી કહી શકાય કે, તેને નોંધપાત્ર પ્રમાણમાં સમર્થન મળ્યું છે. આ ઉપરાંત, ડૉ. માંડવિયાએ નિ-ક્ષય પોષણ યોજનાની સ્થાપના કરીને TBના સામાજિક-આર્થિક પરિણામોનો સામનો કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. આ અનોખી પહેલ અંતર્ગત TBની સારવાર કરાવી રહેલા ૭૫ લાખથી વધુ લોકોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી માસિક ધોરણે પોષણ સહાય પૂરી પાડવામાં આવે છે અને ૨૦૧૮માં તેનો પ્રારંભ થયો ત્યારથી અત્યાર સુધીમાં $244 મિલિયન કરતાં વધુ સહાય પૂરી પાડવામાં આવી છે. વધુમાં, ડૉ. માંડવિયાએ એક વિશ્વ TB સંમેલનમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા TB માટે ભારતના પરિવાર કેન્દ્રિત સંભાળ મોડલ અંગે વાત કરી હતી, જે અંતર્ગત દર્દીને ઝડપથી સાજા થવામાં પરિવારોની આવશ્યક ભૂમિકાને માન્યતા આપવામાં આવી છે. એક વિશ્વ TB સંમેલનમાં, એક ટૂંકી TB નિવારાત્મક સારવાર (TPT) અને સ્થાનિક સરકારોને TB સામે લડવા અને તેમના પ્રયત્નો માટે પુરસ્કાર પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરતી TB-મુક્ત પંચાયત પહેલની પણ શરૂઆત કરવામાં આવી હતી. ડૉ. માંડવિયાએ TB સામેની લડાઈમાં અસરકારક રસી તૈયાર કરવાની જરૂરિયાત વિશે પણ વાત કરી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, “આપણે કોવિડ-૧૯ મહામારીમાંથી શીખ્યા છીએ તેમ, આ બીમારીને નાબૂદ કરવા માટે વિશ્વએ નવીનતમ નિદાન અને સારવાર વિકલ્પોની સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે વધુ સહકાર સાથે મળીને કામ કરવાની જરૂર છે. ૨૦૩૦ સુધીમાં ્મ્નો અંત લાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચ સ્તરીય બેઠક નાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે, આપણે TBને રોકવા, તેનું નિદાન અને સારવાર કરવા માટે દર્દી કેન્દ્રિત નવીન અભિગમો શોધવા જોઈએ. ભારત આ અંગે પોતાના અભ્યાસનું સમગ્ર દુનિયા સાથે આદાનપ્રદાન કરવા અને અન્ય સંદર્ભોમાંથી શીખવા માટે પણ પ્રતિબદ્ધ છે.” ડૉ. માંડવિયાએ પોતાના સંબોધનનું સમાપન કરતી વખતે દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નિરંતર પ્રયાસ કરવાથી અને મક્કમ નિશ્ચયથી ૨૦૩૦ પહેલાં સમગ્ર વિશ્વમાંથી TBને નાબૂદ કરી શકાય તેમ છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ

## મુખ્યમંત્રીશ્રીએ જનસંપર્ક એકમમાં સ્વયં હાજર રહી નાગરિકો-અરજદારોની રજૂઆતો સંવેદનાપૂર્વક સાંભળી




**નાના માનવીઓની સમસ્યા-રજૂઆતોનું ત્વરિત નિવારણ લાવવા તંત્ર વાહકોને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની તાકિદ**

**મુખ્યમંત્રીશ્રીએ સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂરા થવા નિમિત્તે ઉજવાયેલા રાજ્ય વ્યાપી 'સ્વાગત સપ્તાહ'ના રિપોર્ટની પુસ્તિકાનું વિમોચન કર્યું**




કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નાના માનવીઓની સમસ્યા-રજૂઆતોનું ત્વરિત નિવારણ સ્થાનિક સ્તરે જ લાવી દેવાની અને તે માટે ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તંત્ર વાહકોને તાકિદ કરી છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ દિશાનિર્દેશો આપતાં કહ્યું કે, અરજદારો-નાગરિકોએ પોતાની રજૂઆત માટે રાજ્યકક્ષા સુધી આવવું જ ન પડે તેવું સુચારૂ સમસ્યા નિવારણ જિલ્લાસ્તરે જ થવું જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ રાજયકક્ષાના સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં આવેલી રજૂઆતોના નિરાકરણ માટેનું માર્ગદર્શન સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓને આપ્યું હતું. દર મહિનાના ચોથા ગુરૂવારે મુખ્યમંત્રીશ્રીનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ પ્રજાવર્ગો-નાગરિકોની સમસ્યાઓની રજૂઆતો અને તેના નિવારણ ઉપાયો માટે યોજવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી તેમના કાર્યાલયના જનસંપર્ક એકમમાં આ ગુરુવારે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહિ, તેમણે અરજદારોને સંવેદના અને ધીરજપૂર્વક સાંભળી તેમની રજૂઆતોના નિવારણ માટે જિલ્લા કલેકટરોને જરૂરી સુચનાઓ પણ આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં અમદાવાદ, વડોદરા, સુરત, કચ્છ, મહીસાગર, અરવલ્લી અને મહેસાણા જિલ્લાઓમાંથી વિવિધ અરજદારોએ પ્રત્યક્ષ આવીને રજૂઆતો કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમની આ રજૂઆતો-સંદર્ભે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરીને વિગતો મેળવી હતી તથા તેના નિવારણ માટે યોગ્ય કાર્યવાહીનું માર્ગદર્શન પુરૂં પાડયુ હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂરા થવા નિમિત્તે ઉજવાયેલા રાજ્ય વ્યાપી 'સ્વાગત સપ્તાહ'ના રિપોર્ટની પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, મે મહિનામાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગત કાર્યક્રમોમાં તંત્ર વાહકોને મળેલી કુલ ૬૪૨૧ રજૂઆતોમાંથી ૫૫૮૭નું ત્વરિત સુખદ નિવારણ લાવી દેવામાં આવેલું છે. રાજ્ય સ્વાગતના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published - At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028